# જય હો : લાયન્સ કલબ, બાયડે એવોર્ડ નાઈટમાં ૨ એવોર્ડ જીત્યા

## પરમેનેન્ટ પ્રોજેક્ટ તેમજ કોવિડ સમયની કામગીરીને બિરદાવી : તત્કાલિન પ્રમુખ સમીર મિરઝા અને તેમની ટીમ ઉપર અભિનંદન વર્ષા



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
લાયન્સ ડીસ્ટ્રીક્ટ ૩૨૩૨-૧-બી.ની મોખરાની કલબ ગણાતી લાયન્સ કલબ-બાયડે ગત વર્ષ દરમ્યાન કરેલી સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લઈ અમદાવાદમાં યોજાયેલા એવોર્ડ નાઈટ સમારોહમાં લાયન્સ કલબ-બાયડે પરમેનેન્ટ પ્રોજેક્ટ તેમજ એન્વાયરમેન્ટ-કોવિડ ફોર વર્ક, ડાયાબીટીશ અને ફુડ ફોર હંગર્સ ક્ષેત્રે કરેલી યશસ્વી કામગીરીને બિરદાવી તત્કાલિન પ્રમુખ સમીર દશુબેગ મિરઝાને ૨ એવોર્ડ આપી સન્માનિત કરાતાં ફરી એકવાર લાયન્સ કલબ-બાયડ સેવાકીય પ્રવૃત્તિઓથી ડીસ્ટ્રીક્ટમાં છવાઈ છે. તત્કાલિન પ્રમુખ અને તેમની ટીમ ઉપર અભિનંદન વર્ષા શરૂ થઈ છે.

માત્ર સેવાકાર્ય કરવું હોય તો લાયન્સ કલબ જેવી સેવાભાવિ સંસ્થામાં જોડાવવું જોઈએ. આજથી ૩૦ વર્ષ અગાઉ બાયડના જનરલ પ્રેક્ટીશનર ડાં.ભૂપેન્દ્રભાઈ સી. શાહે બાયડ તથા તેના ગ્રામ્ય પંથકમાં જરૂરીયાતમંદોને મદદના ઉદ્દેશ્યથી લાયન્સ કલબ-બાયડની સ્થાપના કરી. આજે લાયન્સ કલબ-બાયડ સમગ્ર ડિસ્ટ્રીક્ટમાં એક વટવૃક્ષ બની ગઈ છે. અનેક લાયન નેતાઓની ડીસ્ટ્રીક્ટને ભેટ આપી છે. વર્ષ-૨૦૨૦-૨૧ માટે પ્રમુખ તરીકે લાયન સમીર મિરઝાની નિયુક્તિ થઈ અને તેમને પ્રથમ દિવસથી જ અનેક લોક કલ્યાણ અને સેવાકીય કાર્યો શરૂ કર્યા. કોરોનાના કપરા કાળમાં ખુદ સ્વજનો પોતાના સ્વજન પાસે જતાં ડરી રહ્યા હતા ત્યારે લાયન્સ કલબ-બાયડે અનેક જરૂરીયાતમંદોને શક્ય તેટલી સહાય કરી મદદરૂપ થયા હતા. પ્રમુખ દ્વારા તેમના પિતા મર્હુમ દશુબેગ યુ. મિરઝા(આદ્યસ્થાપક : સારસ્વત હાઈસ્કુલ-બાયડ)ની ચિરસ્થાયી યાદમાં બાયડમાં મેડીકલ સેવા સહાય કેન્દ્ર શરૂ કર્યું અને દરેક સમાજના જરૂરીયાતમંદો તેનો ઉપયોગ કરે તેવા અભિગમથી શરૂ થયેલો પરમેનેન્ટ પ્રોજેક્ટ સમગ્ર તાલુકામાં ખ્યાતિ પ્રાપ્ત થયો છે. વર્ષ દરમ્યાન કરેલી સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાને રાખી ડીસ્ટ્રીક્ટ ગવર્નર નરેન્દ્ર પટેલ દ્વારા લાયન્સ કલબ-બાયડના પ્રમુખ સમીર મિરઝા અને તેમની ટીમને ૨ યશસ્વી એવોર્ડ આપી સન્માનિત કર્યા ત્યારે તમામ લાયન મિત્રોમાં અપાર ખુશાલી જોવા મળી હતી.

# હાઈકોર્ટમાં દલીલો પૂરી : ઉત્તર ગુજરાતમાં ધો.૧૨ કોમર્સનું પરિણામ જુલાઈના અંતમાં

## પરિણામની ચાતક નજરે રાહ જોતા વિદ્યાર્થીઓ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
કોરોનાના કારણે માસ પ્રમોશન પછી ધો.૧૦ તેમજ ધો.૧૨ વિજ્ઞાનનું પરિણામ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું પરંતુ ધો.૧૨ કોમર્સના પરિણામ જાહેર કરતાં અગાઉ ધો.૧૦ના ગણિતના માર્કસ ધ્યાને લેવાની હાઈકોર્ટમાં રીટપીટીશન થઈ હતી તેની દલીલો પૂરી થતાં જુલાઈના અંતમાં ધો.૧૨ કોમર્સનું પરિણામ જાહેર કરાય તેવી સંભાવના છે.

રાજ્યમાં શિક્ષણક્ષેત્રે ભરતી હોય કે પરિણામ જાહેર કરવાનું હોય તે દરેકમાં કોર્ટ કેસ વર્ષોથી થતા આવ્યા છે. જેના કારણે અનેક પ્રક્રીયાઓ ઘોંચમાં પડતી હોય છે. ધો.૧૨ કોમર્સના માસ પ્રમોશન પછી કોમર્સના રીજલ્ટમાં ધો.૧૦ના વિજ્ઞાન વિષયના માર્કસના સ્થાને ગણિત વિષયના માર્કસ જોવામાં આવે તે રીતેની રજૂઆત સાથે વિદ્યાર્થીઓ દ્વારા હાઈકોર્ટમાં રીટપીટીશન દાખલ કરવામાં આવી હતી. સમગ્ર પ્રક્રીયા કોર્ટ દ્વારા સાંભળ્યા પછી આ બાબતે ચૂકાદો હાલ અનામત રાખ્યો છે જેથી હાઈકોર્ટમાં દલીલો પૂરી થતાં ઉત્તર ગુજરાત સહિત રાજ્યમાં ધો.૧૨ કોમર્સનું પરિણામ બોર્ડ દ્વારા મહિનાના અંતમાં જાહેર થશે. ધો.૧૨ આર્ટસ-કોમર્સનું પરિણામ ઘોંચમાં પડતાં કોલેજના પ્રથમ વર્ષ બી.એ., બી.એસ.સી., બી.બી.બી.એ., બી.સી.એ. સહિતના વિભાગમાં પ્રવેશ પ્રક્રીયામાં વિલંબ થવાની પણ સંભાવના છે.

# સરડોઈના વેપારીએ અનોખી રીતે જન્મ દિવસ ઉજવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
મોડાસા તાલુકાના સરડોઈ કેળવણી મંડળના પ્રમુખ,



ચામુંડા સેવા પરિવારના ટ્રસ્ટી તેમજ અગ્રણી વેપારી ઈશ્વરચંદ્ર પુરષોત્તમદાસ ભાવસારે પોતાના જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરી હતી. કેક કાપવાના બદલે વેપારી દ્વારા મોડાસાના કલ્યાણ સોસાયટીના ક્રિકેટ રસીયાઓને બેટ, બોલ અને સ્ટમ્પની કીટ આપી રમત પ્રત્યે પ્રોત્સાહીત કર્યા હતા. જ્યારે સરડોઈ ખાતે વિધવા તેમજ નિઃસહાય જરૂરીયાતમંદ બહેનોને કરીયાણાની કીટનું વિતરણ કરી જન્મ દિવસની ઉજવણી સાર્થક કરી બતાવી હતી.

# પ્રાંતિજ ટોલ ટેક્સ ખાતે 'આપ' કાર્યકરોએ વિરોધ નોંધાવ્યો

**નેશનલ હાઇવે આઠ ઉપર તગડો ટોલટેક્સ લેવા છતાંય રોડ ઉપર ખાડાઓને લઈને વિરોધઃ સમારકામ ના થાય ત્યાં સુધી ટોલટેક્સ માફ કરવા રજુઆત : આવેદનપત્ર આપવા જઇ રહેલ અને વિરોધ કરી રહેલ આપના દશ કાર્યકરોની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયતઃ કોંગ્રેસ દ્વારા કાર્યક્રમ જાહેર કરતા આપ પ્રસિદ્ધી મેળવા એક દિવસ પહેલા ઉમટી પડયુ**





પ્રાંતિજ તા.૨૭
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ટોલટેક્સ ખાતે આપના કાર્યકરો દ્વારા આવેદનપત્ર આપતાજતા અને વિરોધ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા આપ કાર્યકરોની અટકાયત કરવામા આવી.

ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર ઠેરઠેર રોડ ઉપર પડી ગયેલ ખાડાઓ અને રોડનુ ચાલી રહેલ કામ ઝડપથી પુર્ણ થાય અને રોડનુ સમારકામ ના થાય ત્યાંસુધી ઉઘરાવવામા આવતો ટોલટેક્સ ના લેવામા આવે તેવી રજુઆતો સાથે આવેદનપત્ર આપવા અને વિરોધ કરવામા આવ્યો હતો તો પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એસ.ત્રિવેદી, પ્રાંતિજ પીએસસાઈ વાઈ. બી. બારોટ સહિત પોલીસ સ્ટાફ ટોલટેક્સ ખાતે દોડી આવ્યો હતો અને આવેદનપત્ર આપવા જઈ રહેલ અને વિરોધ કરી રહેલ દશ જેટલા આપ ના કાર્યકરોની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરી હતી અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે લાવવામા આવ્યા હતા ત્યારે પ્રાંતિજ તાલુકા શહેર કોંગ્રેસ દ્વારા ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર પડેલ ઠેરઠેર ખાડાઓને લઈ ને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ તારીખ ૨૮-૭-૨૦૨૧ ના રોજ જાહેર કરવામા આવ્યો હોવાથી આપ દ્વારા એકદમ એક દિવસ અગાઉ જ ખોટી પ્રસિદ્ધી મેળવવા ટોલટેક્સ ઉપર દોડી ગયુ હોવાની ચર્ચાઓએ પણ જોર પકડયુ છે.

# પ્રાંતિજના પોગલુની દિકરીને સાસરિયાઓએ મારઝૂડ કરી પંદર લાખની દહેજની માંગણી કરી

**પતિ સહિત કુલ દશ સામે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ થઇ : મારઝૂડ કરી શારીરિક માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરતા પોલીસ ફરિયાદ થઇ : પ્રાંતિજ પોલીસે આઇપીસી કલમ ૪૯૮,(ક), ૩૩૨, ૧૧૪ દહેજ ધારા કલમ-૪ મુજબ ગુનોનોંધી તપાસ હાથ ધરી**

પ્રાંતિજ તા.૨૭
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુની દિકરીને તેના પતિ દ્વારા મારઝૂડ કરી પંદર લાખની દહેજની માંગણી કરી તેના પતિ સહિત સાસરિયા વાળા શારીરિક માનસિક ત્રાસ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પતિ સહિત કુલ દશ સામે પોલીસ ફરિયાદ કરી.

પ્રાંતિજના પોગલુ ગામની દિકરી રક્ષિતાબેન રાવજીભાઈ પટેલના લગ્ન કમાલપુર ખાતે રહેતા અમિત કુમાર કાળીદાસ સાથે થયા હતા તો તા.૨૯-૧-૨૦૧૭થી ૫-૪-૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આ કામના આરોપીઓ દ્વારા ફરીયાદી રક્ષિતાબેન વિરૂધ્ધ તેના પતિ અમિત કુમાર કાળીદાસ પટેલને ચડામણી કરતા તેનો પતિ દ્વારા મારઝૂડ કરી ૧૫,૦૦,૦૦૦ (પંદર લાખ) દહેજની માંગણી કરી પતિ સહિત આ કામના તમામે-તમામ આરોપીઓ દ્વારા રક્ષિતાબેન ને શારીરિક માનસિક ત્રાસ આપી એકબીજાની મદદગારી કરી ગુનો કરતા પોગલુની દિકરી રક્ષિતાબેન દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા તેના પતિ અમિત કુમાર કાળીદાસ પટેલ, કાળીદાસ સાંકાભાઈ પટેલ, પૂર્વશકુમાર કાળીદાસ પટેલ, હેતલબેન પુર્વેશકુમાર પટેલ, રાહુલકુમાર કાલીદાસ પટેલ તમામે-તમામ રહે કમાલપુર તથા જશવંતભાઈ જેઠાભાઈ પટેલ, સરસ્વતી બેન જશવંતભાઈ પટેલ, સંજયકુમાર ચીમનલાલ પટેલ, હંસાબેન સંજયકુમાર પટેલ તમામે-તમામ રહે.વદરાડ તથા મનિષકુમાર જયંતિભાઈ પટેલ રહે.પલ્લાચર તો પતિ સહિત કુલ દશ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે રક્ષિતાબેનની ફરીયાદને લઈને પતિ સહિતકુલ દશ વિરૂધ્ધ ગુનોનોંધી આઈપીસીકલમ-૪૯૮(ક), ૩૨૩ ,૧૧૪ તથા દહેજ ધારા કલમ-૪ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પીએસઆઈ એસ.જે.ગોસ્વામી દ્વારા હાથધરવામા આવી છે.

# ડીસામાં યુવાનનું એટીએમ કાર્ડ બદલી અજાણ્યા ગઠીયાએ ૩૨ હજાર ઉપાડી લીધા

**ભોગ બનનાર યુવકે ડીસા શહેર ઉત્તર પોલીસ મથકે જાણ કરીઃ મદદ કરવાના બહાને અજાણ્યો ગઠિયો દાવ અજમાવીને ફરાર**

ડીસા, તા. ૨૭
ડીસા શહેરના ગાયત્રી મંદિર સામે આવેલ એચડીએફસી બેંકના એટીએમમાં પૈસા ઉપાડવા ગયેલ યુવાનનું એટીએમ કાર્ડ બદલી અજાણ્યો ગઠીયો ૩૨ હજાર ઉપાડી ફરાર થઈ જતાં ભોગ બનનાર યુવકે ડીસા શહેર ઉત્તર પોલીસ મથકે લેખિત રજૂઆત કરી છે.

ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા નગરમાં રહેતા ૨૫ વર્ષીય દિક્ષિતકુમાર ગીરધારીલાલ લોધા ખાનગી નોકરી દ્વારા પરીવારનું ગુજરાન ચલાવે છે. રવિવારે સાંજે છ વાગ્યાના સમયે તેઓ પોતાનું એસબીઆઈનું એટીએમ કાર્ડ લઈ ગાયત્રી મંદિર સામે આવેલી એચડીએફસી બેંકના એટીએમમાં પૈસા ઉપાડવા ગયા હતાં પરંતુ ત્રણ ચાર વખત પ્રયાસ કરવા છતાં પૈસા ન ઉપડતા બાજુમાં ઉભેલા અજાણ્યા શખ્સે પૈસા ઉપાડી આપું તેમ કહી યુવકની નજર ચૂકવી એટીએમ કાર્ડ બદલી નાખ્યું હતું. ત્યારબાદ દિક્ષિતકુમાર લોધા ગાયત્રી મંદિર નજીક આવેલ એસબીઆઈના એટીએમમાં જઈ તપાસ કરતાં પોતાના ખાતામાંથી ૩૨ હજાર ઉપડી ગયા હતાં. આથી ભોગ બનનાર દિક્ષિતકુમાર ગીરધારીલાલ લોધાએ અજાણ્યા શખ્સ સામે ડીસા શહેર ઉત્તર પોલીસ મથકે લેખિત રજૂઆત કરી હતી.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, સાબરકાંઠા દ્વારા પડતર પ્રશ્નો અંગે રજૂઆત

હિંમતનગર,તા. ૨૭
સરકારશ્રીની સુચના અનુસાર શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવા તથા કચેરી કક્ષાના પડતર પ્રશ્નો અંગે આજરોજ માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ જે.ડી.પટેલ, મંત્રી મહેન્દ્રભાઈ પટેલ તથા ઉચ્ચતર માધ્યમિક ગુજરાત પ્રાંત અધ્યક્ષ શ્રી મિતેષભાઈ ભટ્ટ, જિલ્લા કાર્યકારી અધ્યક્ષા અશ્વિનભાઈ પટેલ, જિલ્લા મંત્રી પી.જે. મહેતા એ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.કે વ્યાસ સાહેબની મુલાકાત લઈ રજૂઆત તથા ચર્ચા વિચારણા કરી. જેમાં છેલ્લા એક વર્ષમાં ૫૦૦ થી વધુ ઉચ્ચતર પગાર ધોરણની ફાઈલનો નિકાલ કરવા બદલ કચેરી નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આ ઉપરાંત પડતર પ્રશ્નો ઉચ્ચતર પગાર ધોરણની પેન્ડિંગ ફાઈલો,




ઓગસ્ટ માસના અંત સુધીમાં કેમ્પ,દર બે માસ બાદ કેમ્પ, લઘુલાયકાતમાં ન આવતા કર્મચારીઓની ફાઈલ અંગે, ઉચ્ચતર પગાર ધોરણ માટે લાઈબ્રેરીયનની ફાઈલો અને રિવાઈઝ ફાઈલ અંગે, એક વખતે કેમ્પ થયા બાદ રિવાઈઝ કેમ્પ માટે, બાકી સ્ટીકર વાળા કર્મચારીઓ માટે ઝડપથી સ્ટીકરની કાર્યવાહી, નિદાન કસોટી તથા એકમ કસોટીમાં પડતી અગવડતા અંગે, બોર્ડ પરીક્ષાનાં સુપરવિઝન અંગે, પ્રવાસી શિક્ષક તથા તેમના મહેનતાણાની બાબતમાં, ચર્ચા કરવામાં આવી હતી જેમાં શ્રી વ્યાસ સાહેબે હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો તેમજ ઝડપથી પ્રશ્નો ઉકેલવાની ખાત્રી આપી હતી. તે બદલ સંઘ તેમનો આભાર માને છે. રાજ્ય કક્ષાના પડતર પ્રશ્નો અંગે તા.૩૧-૦૭-૨૦૨૧ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા મંત્રણા માટે નહીં બોલાવવામાં આવે તો આગામી રણનીતિ તા. ૦૧-૦૮ ૨૦૨૧ ના રોજ નક્કી થશે. જો પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો શૈક્ષિક મહાસંઘ યથાયોગ્ય દરેક કાર્યક્રમ આપશે.

# ધનસુરા જે.એસ.મહેતા હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૦ના રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ...

**૧૦ના રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ**

ધનસુરા, તા. ૨૭
ધનસુરા જે.એસ.મહેતા હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૦ના રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા યોજાઈ હતી જે ૨૭ તારીખના રોજ પૂર્ણ થઈ હતી આ પરીક્ષા કોવિડ ની ગાઈડ લાઈન મુજબ યોજાઈ હતી સમગ્ર પરીક્ષા દરમિયાન ધનસુરા કેળવણી મંડળના હોદ્દેદારો હાઈસ્કૂલના શિક્ષકો અને ધનસુરા કેળવણી મંડળના તમામ આચાર્ય એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# જન્મદિને વધામણી



હીર મનિષભાઈ બારોટ
બાયડ



હની મનિષભાઈ બારોટ
બાયડ



પરીધી અલ્પેશકુમાર તરાળ
જાબચિતરીયા, તા. ભિલોડા



વેદીકા બુધાભાઈ પરમાર
રમોસ, તા.બાયડ



ઉત્પલ નરેશકુમાર પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી



રાજ આર. શ્રીમાળી
(લાખેશ્વરી વિસ્તાર)
બાયડ, જિ.અરવલ્લી



અલ્પેશ એન. પટેલ
બાયડગામ, જિ.અરવલ્લી



યુનુસભાઈ આઈ. સુથાર
(પ્રા. શિક્ષક)
આકરૂન્દ, તા.ધનસુરા




ડાં.પવન યુ. પટેલ
(ધનશ્યામનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



ભાવેશ પ્રવિણભાઈ શાહ
મોડાસા, જિ.અરવલ્લી

# ધનસુરા ગ્રામ પંચાયતમાં નાના અને સીમાંત ખેડૂતો માટે કિસાન પરિવહન યોજનાના રજીસ્ટ્રેશન



ધનસુરા, તા. ૨૭
ધનસુરા ગ્રામ પંચાયત માં નાના અને સીમાંત ખેડૂતો માટે કિસાન પરિવહન યોજના ના રજીસ્ટ્રેશન શરૂ છે સાથે સોલાર લાઈટ ટ્રેપ યોજના માટે પણ ગ્રામ પંચાયત માં ઈ ગ્રામ સેન્ટર પર રજિસ્ટ્રેશન શરુ છે જે માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું છે

જેથી ખેડુતો રજીસ્ટ્રેશન માટે આવી રહ્યાં છે કિસાન વાહન પરીવહન યોજના માં ખેડુતો મધ્યમ સાઈઝ ના વાહન ખરીદવા માટે રજિસ્ટ્રેશન કરી શકાશે કિસાન પરિવહન યોજના અંતર્ગત ખેડુતો આ માટે અરજી ઓ ગ્રામ પંચાયત ના ઈ ગ્રામ સેન્ટર પર કરી શકશે આ માટે ખેડુતો આધારકાર્ડ, રેશનીંગકાર્ડ , બેંક ની પાસબુક અને ૮- અ અને મોબાઈલ નંબર સહિત જરુરી ડોક્યુમેન્ટ આપી નજીક ની ગ્રામ પંચાયત માં રજિસ્ટ્રેશન કરાવી શકશે આ માટેની છેલ્લી તારીખ ૩૧ છે.



# અવસાન નોંધ..

બાયડ : મોડાસા નગરપાલિકા પૂર્વ પ્રમુખ, રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘના પૂર્વ ઉપપ્રમુખ અશોકભાઈ છગનભાઈ પટેલ(સાયરા)ના ભાઈ ગોપાલભાઈ પટેલનું દુઃખદ નિધન થયું છે. સ્વર્ગસ્થનું લોકીત આજે તા.૨૮ જુલાઈ, બુધવારે સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ કુમકુમ પાર્ટી પ્લોટ, મોડાસા રાખેલ છે.